# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૨૯/૭/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બર દ્વારા 'એક્સપ્લોરીંગ ડોક્ટરલ લેવલ ફેલો પ્રોગ્રામ ફોર વર્કીંગ પ્રેક્ટીશનર્સ' વિશે વેબીનાર

**સુરત :** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા તા. ૨૭ જુલાઇ ૨૦૨૦ના રોજ સાંજે ૬:૦૦ કલાકે 'એક્સપ્લોરીંગ ડોક્ટરલ લેવલ ફેલો પ્રોગ્રામ ફોર વર્કીંગ પ્રેક્ટીશનર્સ' વિષય ઉપર ૯૩માં વેબીનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે અમદાવાદની એકેડેમી ઓફ હયુમન રિસોર્સિસ ડેવલપમેન્ટના ડાયરેકટર ડો. નીધિ વશીષ્ઠ અને અમદાવાદના ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટના હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ એરીયાના ફેકલ્ટી પ્રોફેસર રાજેશ ચંદવાનીએ વર્કીંગ પ્રેકટીશનર્સ પણ રોજીંદા જીવનમાં કાર્યરત રહીને રિસર્ચની અભ્યાસકીય પ્રવૃત્તિમાં આગળ વધી શકે તે અંગે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ડો. નીધિ વશીષ્ઠે રિસર્ચ પાર્ટ વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે, રિસર્ચ માટે સૌથી મહત્વની બાબત ડેટાની જરૂરિયાત હોય છે. જેના આધારે સાયન્ટીફીક રિસર્ચ મેથડ આપણે મેનેજરને પૂરુ પાડતા હોય છે. રૂલ્સ ઓફ થમ્બ ઉપર સાયન્સ કામ કરતુ નથી. રિસર્ચ એ મેનેજમેન્ટ કરવાનો પેરેલલ ટ્રેક છે. ઘણી એકેડેમિક મોડયુલ્સ, ઓર્ગેનાઇઝેશન ડેવલપમેન્ટ અને સાયકો મેટ્રીક ટૂલ્સનો ઉપયોગ કરે છે. ઉદ્યોગ સાહસિકો અને ચીફ મેનેજર ઇન એચઆર વિગેરે પ્રોફેશનલ્સ ડોક્ટરલ પ્રોગ્રામ માટે હાયર એજ્યુકેશન લેતા હોય છે અને વિવિધ એકટીવિટી પણ કરતા હોય છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, વર્કીંગ પ્રોફેશનલ્સ માટે ફલેકસીબિલિટી વિશે ધ્યાન આપવામાં આવે છે. તેમના માટે વીકેન્ડ અથવા પબ્લીક હોલિડેનો ઉપયોગ કરતા હોય છ, પરંતુ અત્યારે કોવિડ– ૧૯ ને કારણે બધા જ કોર્સ ઓનલાઇન ભણાવવામાં આવી રહયાં છે. ૮૦ ટકા અત્યારે ડિજીટલી એજયુકેશન પ્રોવાઇડ કરવામાં આવી રહયું છે. આ કોર્સમાં થિયરી અને પ્રેકટીસ ઉપર ધ્યાન આપવામાં આવે છે. એમબીએ તથા પીએચડી પ્રોગ્રામમાં માઇલસ્ટોનને ધ્યાનમાં રાખીને ફલેકસીબિલિટી આપવામાં આવે છે અને કવોલિટી ફોકસ કામ આપવામાં આવે છે. ફેલો અને પીએચડી કોર્સના અંતર વિશે તેમણે જણાવ્યુ હતુ કે, કોઇપણ શૈક્ષણિક સંસ્થા ફેલોની ડીગ્રી આપે છે અને યુનિવર્સિટી પીએચડીની ડીગ્રી એનાયત કરે છે.

પ્રોફેસર રાજેશ ચંદવાનીએ જણાવ્યુ હતુ કે, એચઆર પ્રેકટીશનર્સ માટે રિસર્ચનું ઘણું મહત્વ હોય છે. એચઆરનું મુખ્ય કામ કર્મચારીઓ અને મેનેજમેન્ટ વચ્ચે બેલેન્સ બનાવી રાખવાનું હોય છે. તેમણે કહયુ કે, ટેકનોલોજીની સાથે ઘણા બદલાવ થયા છે. આથી એચઆરવાળા મેનેજમેન્ટનું રિસર્ચ કરે છે. દુનિયામાં પહેલાથી જ ઘણું છે પણ તેનામાં ફરીથી રિસર્ચ કરવાની જરૂરિયાત ઉભી થતી હોય છે. કારણ કે એન્વાયરમેન્ટ બદલાતુ હોય છે. આથી જૂની થિયરી સાથે જ અથવા તેને બદલીને રિસર્ચ કરવુ પડે છે. બદલાતા એન્વાયરમેન્ટને વ્યવસ્થિત રીતે સમજવા માટે પણ રિસર્ચ કરવુ પડે છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, કયારેક થિયરી અને વર્ષોનો અનુભવ કેટલીક પરિસ્થિતિઓમાં કામ લાગતા નથી. એવા સમયે ખાસ રિસર્ચની જરૂરિયાત પડે છે. લોકો હવે ડિજીટલ થઇ ગયા છે. એચઆરવાળાઓને ડેટા એનાલિસિસ શીખવું પડશે અને નવા પ્રકારે વિચારવું પણ પડશે. તેમણે કહયુ કે, હાલમાં કોવિડ– ૧૯ને કારણે ઘણો બદલાવ આવી ગયો છે. સુરતમાં માઇગ્રેન્ટ લેબરને કઇ રીતે બચાવી શકાય તે મેજર કન્સર્ન હતુ. જ્યારે અન્ય શહેરોમાં લોકલ લેબરના પણ ઇશ્યુ ફેસ કરવા પડયા હતા. વર્તમાન સમયમાં એમ્પ્લોઇ અને એમ્પ્લોયરની વચ્ચે ખૂબ જ મોટો ગેપ આવી ગયો છે. આવી સ્થિતિમાં ફરીથી સર્ચ એટલે રિસર્ચ કરીને સ્થિતિને સામાન્ય કરવી પડશે. આથી કરીને અત્યારે રિસર્ચની સાથે જોડાઇને રહેવુ પડશે.

પ્રોફેસર ચંદવાનીએ રિફલેકશન, રિઓરીએન્ટેશન, રોડમેપ, રિજોઇનેશન અને રિસ્પાઇટ વિશે વિસ્તૃતપણે સમજણ આપી હતી. તેમણે કહયુ હતુ કે, રિસર્ચ કરીશું તો રોજિંદા જીવનમાં જે કામ કરીએ છીએ તેમાં બદલાવ લાવવાની દિશા મળશે. રિસર્ચ તમને રિફલેકશનનો સમય આપે છે. તેને કારણે વસ્તુઓ નવી પદ્ધતિથી શીખવા મળે છે. સપ્તાહ દરમિયાનની દોડમાં એક દિવસનો બ્રેક જોઇતો હોય છે. જીવનમાં આપણે કઇ દિશામાં દોડી રહયાં છે તેનો વિચાર કરવા માટે પણ બ્રેકની જરૂર હોય છે. ત્યારબાદ રિસ્પાઇટ ફરીથી તમને રિફલેકશન તરફ લઇ જાય છે. તેમણે વધુમાં કહયું કે, પીએચડી કરનાર વ્યકિત જીવનમાં વિવિધ તબકકે કયુરીયસ બની જાય છે.

આ વેબીનારમાં ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ. શ્રી રામકૃષ્ણ એક્ષ્પોર્ટ્સના સીએચસીઓ ડો. નિરવ મંડિર દ્વારા વેબીનારનું સંચાલન સુપેરે પાર પાડવામાં આવ્યુ હતુ. ચેમ્બરની સ્ટાર્ટઅપ પ્રમોશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબીએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના કન્વીનર શ્રી સંજય ગજીવાલાએ સર્વેનો આભાર માની વેબીનારનું સમાપન કર્યુ હતું.